ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

PGVCL

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૬૪/૧૮–૧૯/3289 તારીખ: 23 JUL 2018

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી પરશોતમભાઈ મધુભાઈ કોરાટ,
મુ.પો.વેકરીયા, તા.વિસાવદર,
જી.જુનાગઢ.

**કેસ નં.: ૬૪/૧૮–૧૯**

**વિષય: નવા ખેતીવાડી વીજ કનેકશન ન મળવા બાબત.**

**સંદર્ભ:** (૧) આપનો પત્ર તા.૨૫–૦૬–૧૮
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૪/૧૮–૧૯/૨૯૮૪ તા.૦૪/૦૭/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૪/૧૮–૧૯/૨૯૯૯ તા.૦૫/૦૭/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૩/૦૭/૨૦૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ. પી. સોલંકી )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **અમરેલી–૨.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ધારી–૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૬૪/૧૮–૧૯ ☜

વાદી :– શ્રી પરશોતમભાઈ મધુભાઈ કોરાટ

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ– ૧૩/૦૭/૨૦૧૮ ◈

હાજર રહયા :– શ્રી પરશોતમભાઈ મધુભાઈ કોરાટ (વાદીશ્રી પોતે)

પ્રતિવાદી :– શ્રી એન.આઈ.ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, અમરેલી–૨.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી પરશોતમભાઈ મધુભા કોરાટ, મુ.પો.વેકરીયા, તા.વિસાવદર, જી.જુનાગઢ ની નવા ખેતીવાડી વીજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૪ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૬૪ / ૧૮–૧૯/ ૨૯૮૪ તા.૦૪/૦૭/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૩/૦૭/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી પરશોતમભાઈ મધુભાઈ કોરાટ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એન.આઈ.ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, અમરેલી–૨ ઉપસ્થિત રહેલ.

☞ વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ અમોએ તા. ૩૧–૩–૨૦૦૮ નાં રોજ રૂા. ૨૦૦/– ભરી મુ. માલસીકા ગામનાં સર્વે નં. ૯૦/૧ પૈકી–૧ માં ૫ હો.પા.નુ નવુ ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે અરજી કરેલ.

૧.૨ જે અંગેનુ સર્વે ધારી પેટા વિભાગીય કચેરી ધ્વારા કરવામાં આવેલ પરંતુ ત્યારબાદ અમોને સદર વીજ જોડાણનુ અંદાજપત્ર અત્યાર સુધી મળેલ નથી.

૧.૩ જેથી અમારી માંગણીના અનુસંધાને અંદાજપત્ર આપી અમારા વીજ જોડાણ માટે આગળની કાર્યવાહી કરવા અંગે રજુઆત છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,**

૨.૧ અરજદાર ધ્વારા નવુ ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે રુા. ૨૦૦/– તા. ૩૧–૩–૨૦૦૮ નાં રોજ ધારી–૨ પેટા વિભાગીય કચેરી ખાતે ભરપાઈ કરી મુ. માલસીકા સર્વે નં. ૯૦/૧ પૈકી–૧ ખાતે નવુ ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે અરજી કરેલ.

૨.૨ ધારી–૨ પેટા વિભાગીય કચેરી ધ્વારા અંદાજપત્ર નં. ૫૪૯૭ તા. ૪–૧૨–૨૦૧૪ થી રુા. ૧૫૧૩૦/– નુ અંદાજપત્ર રજી.એ.ડી.થી આપવામાં આવેલ જે ભરપાઈ કરવાની છેલ્લી તા. ૨૯–૧૨–૨૦૧૪ હતી અરજદારના એ–૧ ફોર્મ મુજબ અરજદારનો પત્ર વ્યવહારનુ સરનામું મું. વેકરીયા. તા. વિસાવદર. જી. જુનાગઢ હતુ. પરંતુ ધારી–૨ પેટા વિભાગીય કચેરી ધ્વારા અરજદારનુ અંદાજપત્ર તેઓનો સર્વે નં. માલસીકા ખાતેનો હોવાથી અંદાજપત્ર માલસીકા મુકામે મોકલાવેલ હોય, અરજદારને અંદાજપત્ર મળી શકેલ નથી.

૨.૩ તેમજ અરજદારને રજીસ્ટર એ.ડી.થી મોકલવામાં આવેલ અંદાજપત્ર ગ્રાહકને મળેલ હોય, તે અંગેની રજી.એ.ડી. સ્લીપ કે કવર પરત ધારી–૨ પેટા વિભાગીય કચેરી ખાતે આવેલ નથી.

૨.૪ તેમજ અરજદારને ધારી–૨ પેટા વિભાગીય કચેરી ધ્વારા વર્ષ ૨૦૧૪ માં અંદાજપત્ર આપવામાં આવેલ ત્યારબાદ અત્યાર સુધી ઘણો લાંબો સમય વીતી ગયેલ હોય તે દરમ્યાન અરજદાર ધ્વારા આ અંગેની કોઈ લેખિત અરજી કરવામાં આવેલ નથી જેથી અરજદારને ફરીથી અંદાજપત્ર આપવાની ભલામણ કરવામાં આવતી નથી.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી પરશોતભાઈ મધુભાઈ કોરાટ એ ગામ માલસીકા, સ.નં.૯૦/૧/૧ ખાતે તા.૩૧–૦૩–૦૮ ના રોજ નવા ખેતીવાડી વીજ જોડાણ માટે અરજી નોંધણી કરાવેલ.

૩.૨ પ્રતિવાદી ધ્વારા વાદીને તા.૪–૧૨–૧૪ ના રોજ રજી.પોસ્ટથી અંદાજપત્ર આપેલ જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૨૯–૧૨–૧૪ ની હતી. વાદીને આપવામાં આવેલ અંદાજપત્ર વાદીને મળેલ નહી.

૩.૩ વાદીએ તા.૩૧–૩–૦૮ ના રોજ અરજી નોંધણીના એ–૧ ફોર્મમાં પત્ર વ્યવહારનું સરનામું મુ.વેકરીયા, તા.વીસાવદર બતાવેલ, જયારે ખેતીવાડી વીજ જોડાણ ગામ માલસીકામાં માગેલ તેવુ દર્શાવેલ, પરંતુ પ્રતિવાદી ધ્વારા વાદીને આપવામાં આવેલ અંદાજપત્ર મુ.વેકરીયા ને બદલે મુ.માલસીકા ખાતે મોકલાવેલ જેથી વાદીને અંદાજપત્ર મળેલ નહી.

૩.૪ વાદીએ પ્રતિવાદીની કચેરીમાં તેઓના વીજ જોડાણનાં અંદાજપત્ર અંગે પુછપરછ કરેલ તેમજ તા.૨૧–૧૨–૧૭ ના રોજ વાદીએ પ્રતિવાદીની પેટા વિભાગીય કચેરી ધારીમાં તેઓના અંદાજપત્ર મળેલ નહી તેવી રજુઆત કરેલ, પરંતુ પ્રતિવાદી ધ્વારા આ અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહી.

૩.૫ પ્રતિવાદીએ વાદીને તેઓએ જણાવેલ પત્ર વ્યવહારનાં સરનામે અંદાજપત્ર આપેલ નહી જેથી કરીને વાદીને અંદાજપત્ર મળેલ નહી અને તેઓ અંદાજપત્ર ભરી શકેલ નહી આથી પ્રતિવાદીએ વાદીને તેઓએ માંગેલ ખેતીવાડી વીજ જોડાણ માટેનું અંદાજપત્ર હુકમ મળ્યેથછ દિવસ–૭ માં વાદીએ જણાવેલ પત્ર વ્યવહારના સરનામે આપવું.



P.G.V.C.L. Bhavnagar

 

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે "વાદીની રજુઆત મંજુર કરવામાં આવે છે, તારણ નં.૩.૫ મુજબ પ્રતિવાદીએ વાદીને દિવસ–૭ માં અંદાજપત્ર આપવું."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :–૧૩/૦૭/૨૦૧૮

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.